
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-2 * Issue-4

Febrary-2002

મહા

ફેબ્રુઆરી-૨૦૦૨

આત્મ સંવત : ૧૦૬

વીર સંવત : ૨૫૨૮

વિક્રમ સંવત : ૨૦૫૮

પુસ્તક : ૯૯

मनोवाक्कायसाधुत्वं चित्तेन्द्रियवशीक्रिया ।
क्रोधलोभादि-हिंसादिविरतिर्वास्ति संयमः ।।

*

મન-વચન-કાયાનું પાવિત્ર્ય ચિત્ત તથા ઇન્દ્રિયોનો વશીકાર અથવા ક્રોધ, લોભ વગેરે દોષો તથા હિંસા વગેરે પાપોથી હઠવું એ સંયમ છે. ૮

*

Samyama (self-restraint) is the goodness of thought, speech and action, or subjugation of mind and senses, or abstinence from passions such as anger, greed etc. and vices such as injury etc. 8.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૩ : ગાથા-૮, પૃષ્ઠ-૪૪)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | હંસલો ઉડી જશે | | ૧ |
| (૨) | સમયની રફતારમાં મનુષ્યની ગતિ ધીમી | મહેન્દ્ર પુનાતર | ૨ |
| (૩) | હિમાલયની પત્રયાત્રા | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૬ |
| (૪) | પર્વોનો મહિમા | પંન્યાસ કનકવિજયજી ગણિવર્ય | ૧૧ |
| (૫) | કોઈએ કરેલા ઉપકારને ભૂલવો નહિ આપણે કરેલા ઉપકારને યાદ કરવો નહિ | દેવેશ મહેતા | ૧૩ |
| (૫) | જૈનોએ જાણવા જેવું | પોપટલાલ એચ. ભાવસાર | ૧૬ |
| (૬) | વિશ્વ શાંતિની સાધના | પંન્યાસ કનકવિજયજી ગણિવર્ય | ૧૮ |
| (૬) | પૂજાની પવિત્રતા | આ.શ્રી પદ્મસાગરજી મ.સા. | ૨૦ |


**આ સભાના નવા આજીવન સભ્યશ્રી**

શ્રી નવનીતરાય બાબુલાલ શાહ – ભાવનગર

### ✱ દુર્ગુણોનો ત્યાગ.... ✱

દુર્ગુણોના હેતુઓ ઘણા હોય છે, અને તે ચારે તરફ હોય છે.

શુભ સંયોગોની વચ્ચે રહેવાથી સદ્‌ગુણોની અસર થાય છે. જે મનુષ્ય પોતાની જાતની ઉન્નતિ ઇચ્છે છે તેઓ ખરા અંતઃકરણથી સદ્‌ગુણો લેવા પ્રયત્ન કરે છે. અને દુર્ગુણો તરફ દુર્લક્ષ સેવે છે.

દુર્ગુણોને ટાળવા માટે આપણે સદા સદ્‌ગુણોનું સ્મરણ કરવું જોઈએ. જેટલો સદ્‌ગુણો ઉપર પ્રેમ તેટલો જ દુર્ગુણોનો નાશ જાણવો.

બીજા મનુષ્યો સદ્‌ગુણો તરફ ગમન ન કરે તો તેમના ઉપર કરૂણા ચિંતવવી. આપણે સદ્‌ગુણો મેળવવા તનતોડ મહેનત કરવી જોઈએ અને એવો નિશ્ચય હૃદયમાં રાખવો જ જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

*

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

*

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ
(૩) હિંમતલાલ એ. મોતીવાળા—મંત્રી
(૪) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી
(૫) ભાસ્કરરાય વી. વકીલ—મંત્રી
(૬) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

# હંસલો ઉડી જશે

હંસલો ઉડી જશે કયાં દેશમાં રે,
તેનો કર્યો નહિ વિચાર.....હંસલો

ક્ષણિક જગત અસત્ય જાણ જો રે,
દેહ તારો માટીમાં મળનાર.....હંસલો

મૃગજળ દેખીને તું મોહી રહ્યો રે,
છેવટ પસ્તાવો થનાર.....હંસલો

અથડાયો હંસલો ભવ ભ્રમણા રે,
તેથી થયો નહિ ઉદ્ધાર.....હંસલો

તન ધન જોબન રંગ પતંગના રે,
જેમ વિજળી તણો ચમકાર.....હંસલો

અંતે ચાલ્યા જવાનું એકલું રે,
ખોવાઈ મનુષ્ય અવતાર.....હંસલો

હંસલા ધર્મ કરી લે પ્રેમથી રે,
સાચો વણિકનો વેપાર.....હંસલો

સંત પુરુષની શીખ માનજે રે,
પહોંચશો મોક્ષ ગતિ મોજાર.....હંસલો

❀ ❀ ❀

કોઈ નેકી નથી જોતું,
કોઈ દૂષણ નથી જોતું;
જગત એક નજરથી,
બધા લક્ષણ નથી જોતું;
બીજાની માન્યતા પર તું,
તારું મૂલ્ય ન આંકી લે;
પોતાના દોષ ઓળખવા,
કોઈ દર્પણ નથી જોતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમયની રફતારમાં મનુષ્યની ગતિ ધીમી : આજનો ભાવ કાલ પર ઠેલી શકાય નહીં

—*મહેન્દ્ર પુનાતર*

માણસના જીવનમાં કાલ કદી આવતી નથી. કોઈ પણ સારૂ કામ કરવું હોય તો આજ કરી લેવું. કોઈ કવિએ કહ્યું છે તેમ 'કાલ કોણે દીઠી' સારાઈનો, ભલાઈનો શુભવિચાર આવે તો કાલની રાહ જોવાનું નકામું છે. આ જ ક્ષણ મહત્વની છે. આવતી કાલની આપણે જે વાત કરીએ છીએ તે આજ બનીને આવવાની છે. આજની વ્યથા, આજનો આનંદ અને આજનો ભાવ કાલ પર ઠેલી શકાય નહીં. આજે જે કરવાનો અવસર છે તે કાલે આવવાનો નથી. કાલનો અવસર સાવ નવો હશે. ગઈકાલ જે વીતી ગઈ છે તે સમયની ધારામાં અને કાળની ગતિમાં વિલિન થઈ જાય છે. માત્ર સ્મૃતિ રહી જાય છે અને તે પણ વ્યર્થ છે. તેને વાગોળવાથી કશો ફાયદો નથી.

પ્રતિક્ષણ જગત બદલ્યા કરે છે. પરિસ્થિતિ પલટાયા કરે છે. માણસે વર્તમાન સાથે ચાલવાનું છે તેમાં ભૂતકાળ કે ભવિષ્ય કશું કામ આવે એવું નથી. જે થઈ ગયું છે તે ભૂલી જવાનું છે. અને જે થવાનું છે તેની કોઈને ખબર નથી તેથી નાહકની કલ્પના કરીને દુ:ખી કે સુખી થવાનું કોઈ કારણ નથી. માણસ મોટે ભાગે આજે જે કરવાનું છે તે કાલ પર છોડી દે છે અને ગઈકાલ જે વીતી ગઈ છે ત્યારે જે કરવાનું હતું તે આજે કરે છે. સમયની રફતારમાં મનુષ્યની ગતિ ધીમી છે એટલે અસંતુલન ઊભું થાય છે અને માણસ ભૂતકાળ અને ભવિષ્ય વચ્ચે ભિંસાયા કરે છે.

ભૂતકાળની સારી અને નરસી સ્મૃતિઓ પીડા આપે છે. અતીતમાં ઊંડા ઉતરવાથી કશો ફાયદો નથી. જીવનમાંથી અનુભવ અને બોધ લેવો જરૂરી છે. સમય જેમ બદલાતો જાય તેમ માણસે બદલવું જોઈએ. આજ જે છે તે કાલ રહેવાની નથી. દરેક આજ કાલ બનવાની છે. બદલાતી ક્ષણોમાં માણસે જાગૃત રહેવાનું છે. માણસની કમજોરી એ છે કે તે સમયની સાથે જાગતો નથી પછી ઘણું મોડું થઈ જાય છે.

જિંદગીમાં તત્કાળ ભય ઊભો થાય છે ત્યારે માણસ જાગૃત બની જાય છે. જાતને બચાવવા માટે છલાંગ મારે છે. ઊંચેથી ભૂસકો મારે છે. આગમાંથી, પાણીમાંથી બહાર નીકળી જાય છે. તત્કાલ ભય ઉભો થાય છે ત્યારે માણસ વિચાર કરતો નથી કે બચવા માટે આજે છલાંગ મારવાની જરૂર નથી કાલે ફુરસદે છલાંગ મારી લઈશું. અસ્તિત્વ સામે જયારે, ભય ઊભો થાય છે કોઈપણ પ્રાણી પોતાની તમામ તાકાતને કામે લગાવી દે છે. કુદરતે જગતના તમામ પ્રાણીઓને આવી આંતરિક શક્તિ આપી છે. માણસ તો વિચારશીલ પ્રાણી છે તેણે હરપળે સાવધ રહેવાનું છે. જાગૃત રહેવાનું છે. પ્રભુ ભક્તિ અને સત્કૃત્યો કરવા માટે અને ભલાઈના માર્ગે જવા માટે આવતીકાલની રાહ જોવાની જરૂર નથી. કાલ આવશે ત્યારે માણસ આજે છે. તેના કરતા વધુ કમજોર બની ગયો હશે. સમયની સાથે શક્તિઓ પણ ક્ષીણ થતી જાય છે. કામ, ક્રોધ, લોભ અને અહંકારને આજે જો જીતી ન શકાય તો આવતીકાલે તેના પર વિજય મેળવવાનું વધુ કઠિન બનશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોભ અને લાલચ માણસને ન કરવાના કામો કરાવે છે. લોભ અને અસંતોષ એ લાલસાનું મૂળ છે. જીવન ઉપયોગી જરૂર પૂરતું મળી રહે તો માણસે સંતોષ અનુભવવો જોઈએ માત્ર સાધનો અને ઉપકરણો માણસને સુખી કરી શકે નહીં. મન તૃપ્ત અને સંતોષથી ભરેલું હોય તો કોઈપણ પરિસ્થિતિમાં માણસ મોજ અને મસ્તીથી રહી શકે છે. મન બેચેન હોય, અતૃપ્ત હોય અને વધુ મેળવવાની લાલસા હોય તો માણસ પાસે ભલે સોનાના ભંડારો હોય તો પણ એ દુઃખી જ રહેવાનો. મનમાં શાંતિ ન હોય તો કોઈ વસ્તુ સુખ આપી શકે નહીં. લોભને થોભ હોતો નથી. જેટલું મેળવીએ તેટલું ઓછું લાગે છે. તૃષ્ણાની આ દોટમાં માણસ લાંબો થઈ જાય છે. સુખ મેળવવા અને આનંદથી જીવવા માણસ જીંદગી પર દોડતો રહે છે અને પછી જે કોઈ મેળવે તે કામનું રહેતું નથી. માણવાનો સમય ચાલ્યો જાય છે. માણસ ધન શા માટે કમાય છે? સુખ અને શાંતિ માટે પરંતુ જો આનાથી સુખ અને શાંતિ ન મળે તો ધન શા કામનું? જીવનનો આનંદ અને મસ્તી ન હોય તો જીવન શુષ્ક અને નિરસ બની જાય. મનુષ્યને વાસના અને તૃષ્ણાએ જકડી લીધો છે. આ જંજીરો એટલી મજબૂત છે કે જલ્દીથી તૂટતી નથી. આ બંધનમાંથી મુક્ત થવા માટે માણસે પોતાની જાતને ઓળખવી જોઈએ. સ્વયંને જાણ્યા વગર કોઈ જ્ઞાન ઉપલબ્ધ થઈ શકે નહિ. જે પોતાને જાણે છે તે જગતને જાણી શકે છે. આસક્તિ માણસને પરાધીન બનાવે છે તેમાં સાચી મુક્તિ નથી.

માણસના મનોભાવના બે જગત છે એક અંદરનું અને બીજું બહારનું બહારના જગતમાં કોઈ સમ્રાટ કે વિજેતા બની શકે નહીં જે માણસ બીજાને બંધનમાં રાખવા માગે છે અથવા તો બીજા પર હકૂમત જમાવવા માગે છે તે હકીકતમાં તો બીજાનો ગુલામ છે. સિકંદર જેવા સિકંદરને પણ આટલા મોટા વિજય પછી પણ જીવનમાં સુખ અને શાંતિ આપે એવું કશું ઉપલબ્ધ થયું નહોતું. ભર જુવાનીમાં બધુ છોડીને અંતિમ વિદાય લેવી પડી હતી. તેણે મેળવેલું બધુ અહીંને અહીં રહી ગયું હતું. કશું સાથે લઈ જઈ શકાયું નહીં, બીજાને પરાજય કરીને તમે કદી સમ્રાટ બની શકો નહીં. જેમાં કોઈનો પણ પરાજય ન થાય એ સાચો વિજય છે. એક સમ્રાટ હતો. પર્શિયાનો ફેડરિક મહાન. એક સાંજે રાજધાનીની બહાર ફરવા ગયો હતો ત્યારે એક વૃદ્ધ માણસથી ધક્કો લાગી ગયો. સાંકડી પગદંડી અને અંધારૂ થઈ ગયું હતું. ફેડરિકે ક્રોધથી તે વૃદ્ધને પૂછયું તમે કોણ છો? પેલા વૃદ્ધે કહ્યું 'સમ્રાટ' ફેડરિકે આશ્ચર્ય પામી કહ્યું' તમે સમ્રાટ છો? અને પછી મજાકમાં પૂછયું 'કયા દેશ પર તમારૂં રાજય છે? પેલા વૃદ્ધે કહ્યું: 'સ્વયં પર જેનું રાજય છે તે ખરો સમ્રાટ છે.

જૈન ધર્મમાં જેમ કહ્યું છે તેમ 'આત્માને ઓળખો તેના વગર સદ્ગતિ નથી.' અંતરમન જયાં સુધી વિકસિત ન થાય ત્યાં સુધી મનુષ્ય કંગાળ રહેવાનો છે. એટલે તો આપણને મોટા ભાગના ચહેરાનો કૃપણ જેવા લાગે છે. હાથ પ્રસારીને માણસો કાંઈકને કાંઈક માગી રહ્યા છે. આપવા જેવું તેમની પાસે કશું નથી. આસક્તિના પોટલામાં વિંટળાઈને તેઓ દિનપ્રતિદિન ફાલીફૂલી રહ્યા છે. માનવજાત ધન, દોલત, શાન, શોહરત, પદ અને પ્રતિષ્ઠાના કોચલામાં સીમિત થઈ ગઈ છે. એટલે સાચા સુખના ઝરણાઓ સૂકાઈ ગયા છે. અને આભાસી સુખો ઝાંઝવાના જળની જેમ માણસને દોડાવી રહ્યા છે. નચાવી રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જગતમાં સૌ કોઈ પોતાને સુધાર્યા વગર બીજાને સુધારવા મથી રહ્યા છે. વાતવાતમાં તેઓ સલાહ આપશે આમ કરો તેમ કરો. પોતાનો ઉદ્ધાર કર્યા વગર બીજાનો ઉદ્ધાર કરવાની મથામણ એ અહંકારની ઉપજ છે. માણસને પોતાનું કલ્યાણ સધાયું નથી અને બીજાના કલ્યાણની ચિંતા છે. જગતને સુધારવું સહેલું છે પરંતુ પોતાની જાતને સુધારવી મુશ્કેલ છે. બીજાને સુધારવા માટે પરિણામોની કશી ચિંતા કરવી પડતી નથી. નિષ્ફળ જઈએ તો જેને સુધારવા નીકળ્યા હોઈએ તેની પર દોષનો ટોપલો ઢોળી શકાય છે. ‘અને તેને સુધારવાના પ્રયાસો કર્યા પણ તેને જ સુધરવું નથી પછી ઉપાય શું? આવું બહાનું પોતાને સુધારવામાં ચાલે નહીં. તેમાં પરિણામ બતાવવું પડે. આમ પોતાની જાતને સુધારવી, પોતાનામાં પરિવર્તન ઊભું કરવું મુશ્કેલ છે. મહદ્અંશે જે લોકો પોતાને સુધારવામાં નિષ્ફળ જાય છે તેઓ બીજાને સુધારવા નીકળી પડે છે. હકીકતમાં બીજાને બદલવામાં, બીજાને પોતાના ઢાંચામાં ઢાળવામાં માણસને અનહદ આનંદ થતો હોય છે. પોતાનું કહ્યું કોઈ માને, પોતાનું અનુશરણ કરે એવું દરેક માણસને ગમતુ હોય છે. બાપ દિકરાને, ગુરુ શિષ્યને અને શિક્ષક વિદ્યાર્થીને પોતાનાં ઢાંચામાં ઢાળવાનો પ્રયાસ કરે છે. અન્યને પોતાના જેવા બનાવવાની ઘેલછાએ અનેક અનર્થો સર્જ્યા છે.

દરેક માણસ પોતાને સંપૂર્ણ માને છે અને પોતાની વાતનો બીજા સ્વીકાર કરે એમ ઇચ્છે છે. કુટુંબ, સમાજ અને ધર્મમાં કોઈ પ્રેમથી, કોઈ જીદથી, કોઈ આગ્રહથી કે કોઈ ધાકધમકીથી પોતાનો કક્કો સાચો ઠેરવવા પ્રયાસો કરતો હોય છે. કમજોર અને ડરપોક લોકો જે સ્વયં ચાલી શકતા નથી એ બીજાની આંગળી પકડી લે છે. જ્ઞાની પુરુષ એ છે કે જે સ્વયંને પ્રગટ કરે છે. એ બીજા જેવો બનવાનો પ્રયાસ કરતો નથી. એ પોતાની જાતને વિકસિત કરે છે. માણસ પોતાનું જીવન જ એવું સરળ અને સહજ બનાવે તો લોકો આપમેળે તેનું અનુશરણ કરવાના છે. આવા માણસો પછી જે કાંઈ કરે તેમાં બીજાનું કલ્યાણ હોય છે. બીજાની સેવા કરવા, બીજાનું કલ્યાણ કરવા કે બીજાનો ઉદ્ધાર કરવા તેને ઢંઢેરો પીટવો પડતો નથી. વૃક્ષ પોતાની છાયાંને પ્રસારીને જેમ ઊભુ હોય છે. તેમ આવા માણસો પોતાની સદ્ભાવનાને પ્રસારીને ઊભા હોય છે. રસ્તા પર ચાલતો માણસ જેમ વૃક્ષ નીચે ઊભો રહીને શીતળતાનો અનુભવ કરે છે. તેમ આવા માણસોના સાંનિધ્યમાં આવનારા માણસો શાતા અનુભવતા હોય છે. વૃક્ષ કોઈને કહેતું નથી કે મેં કેટલા લોકોને છાયો આપ્યો અને તેને ધન્યવાદની પણ કોઈ અપેક્ષા નથી. વૃક્ષ તો અનુગ્રહીત બને છે કે તેની છાયા કોઈને કામ આવી. માણસ જેટલો ઊંચો ઊઠે છે તેટલી સરળતાથી તે બીજાનું ભલું કરતો રહે છે. બીજાનું ભલું કર્યાનો અહેસાસ પણ તે અનુભવતો નથી. તે સત્કાર્યો કરતો રહે છે. તેનો લાભ કોને મળે છે તે જોતો નથી. એક નદીની જેમ તે વહે છે તેના નીર કોણ પીએ છે તેનો ખ્યાલ કરતો નથી. તે જે કાંઈ કરે છે તે અનાયાસે થઈ જાય છે તેની તેને ખબર પણ પડતી નથી. તે કદી બીજાનું અહિત કરતો નથી. સર્વ પ્રત્યે તેનામાં પ્રેમ, દયા અને કરુણા હોય છે આવો માણસ સંત જેવો હોય છે.

*(મુંબઈ સમાચાર તા. ૧૩-૬-૯૯ના જિન-દર્શન વિભાગમાંથી જનહિતાર્થે સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મનો સાર

- જૈન ધર્મનું હાર્દ સમજી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ અણુવ્રતોનું યથાશક્તિ પાલન કરવું અને પાત્રતા કેળવવી.
- જે બને છે તે ક્રમબદ્ધ પર્યાય પ્રમાણે તેની યોગ્યતા મુજબ બને છે. દરેક જીવ અને પદાર્થ સ્વયં પરિવર્તનશીલ છે, પરિણમનશીલ છે. તેમાં બીજા કોઈ પદાર્થનો હસ્તક્ષેપ થતો નથી, થઈ શકતો નથી. ચાલુ બોલચાલની ભાષામાં કહીએ તો પૂર્વ ભવના કર્મના ઉદય પ્રમાણે બને છે અથવા જેમ શ્રીમદ્ રાજચંદ્રજી કહેતા તેમ 'હરિ ઈચ્છા'.
- કોઈ કોઈનું કંઈ કરી શકતું નથી. માત્ર જીવ કે જે ચેતન છે તે શુભ કે અશુભ ભાવ કરી શકે છે. પોતાનું કર્તવ્ય કરવાનો ભાવ કરીને પ્રયત્ન કરી શકે છે. તેને પરિણામે શુભ કે અશુભ કર્મ બંધાય છે અને તેને લીધે જે દેહમાં તે જીવ સ્થિત હોય છે તે સુખી કે દુઃખી થાય છે.
- જીવ અને દેહ ભિન્ન છે, એવી શ્રદ્ધા રાખી જે જીવ પોતાનું ચારિત્ર ઘડીને વર્તે છે તે મોટો સાક્ષાર ન હોય તોપણ મહાન છે અને ભગવાન સમાન છે. દેહ તે પોતે છે તેમ માનીને જીવ જે રાગ, દ્વેષ કરે છે તે જ દુઃખનું કારણ છે.
- પ્રત્યેક આત્મા સ્વાધીન છે, બીજા કોઈને આધીન નથી. બધા જ આત્મા સમાન છે. કોઈ નાનો કે મોટો નથી.
- પ્રત્યેક આત્મા જ્ઞાનમય અને સુખમય છે, સુખ કે દુઃખ બહારથી નથી આવતું.
- હું કોણ છું ? એવો પ્રશ્ન પોતાને પૂછશો તો ઉત્તર મળશે કે જર-જમીન-પરિવાર કોઈ હું નથી કે મારું નથી. દેહ, મન અને વાણી પણ મારાં નથી. જે વિચાર આવે કે ક્રિયા થાય તે પોતે નથી કે પોતાના પણ નથી પરંતુ જે જાણે છે તે જ પોતે છે. શુભ-અશુભ કર્તવ્યથી નહીં પણ ભાવથી પણ નિવૃત્ત થવાનું છે, પછી જ મુક્તિ મળે છે.
- ભવિષ્યની ચિંતા કે આશા અને ભૂતકાળનો બળાપો છોડી જીવ વર્તમાનમાં જ વિચાર અને કાર્ય કરે, અણગમતી વસ્તુ કે સ્થિતિ મારાં નથી, એનો હું માત્ર સાક્ષી છું તે ભાવના ભાવે તો જ મુક્તિને માર્ગે જવાય છે અને કાયમ જ્ઞાતા અને દ્રષ્ટા થઈને રહેવાથી ભગવાન થઈ શકાય છે.

*સંકલન : વસંતભાઈ કે. ખંધાર*

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિમાલયની પત્રયાત્રા

*આલેખક : પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મ.*
*પ્રેષક : પૂ. આ. વિ. પ્રદ્યુમ્નસૂરિશ્વરજી મ.*

**જોશીમઠ જેઠ વદિ ૧-૧**

**પત્ર—૨૧**

વંદના : પૈનીથી ૭ કિલોમીટર દૂર જોશીમઠ આવવા નીકળ્યા. ધીમોધીમો પણ ચડાવ છે. સડક પહાડોને આંટા મારતી, પહાડોને વીંટતી વીંટતી આગળ વધે છે. પાછળ નીચે નજર નાખે તો સર્પાકારે સડકનાં ગૂંચળાં દેખાયાં કરે. પાણીથી ભરેલાં રૂપેરી વાદળાં નીચે અને અમે ઉપર, અમારી બાજુમાં વાદળાંના ગોટેગોટા સામેનો પહાડ પણ ન દેખાય, પહાડોની ટોચે પણ વાદળાં, આવાં અવનવાં દૃશ્યો નજરે પડતા હતાં. પહાડ--વનસ્પતિ--ખીણનું સૌંદર્ય નવું નવું રોજ જોવામાં આવે છે. હવે એની મોહકતા રહી નથી, કારણ કે નવાં નવાં દૃશ્યો એ હવે રોજિંદી ચીજ બની ગઈ છે. હા, તમારા જેવા કવિહૃદયી માણસો હોય તો પાનાંનાં પાનાં ભરાય એટલું લખી દે.

જોશીમઠ એકાદ કિલોમીટર બાકી હશે ત્યાં એક સંન્યાસી મળ્યા. હૃષિકેશમાં દિવ્યજીવન સંઘના ચિદાનંદજી સરસ્વતીના એ શિષ્ય હતા. શિવચૈતન્યાનંદ સરસ્વતી એમનું નામ છે. જોશીમઠથી તપોવન તરફ છ કિલોમીટર દૂર એક ગૂફા છે. તેમાં રહે છે. ગુફામાં એકાંત છે. વાઘ—રીંછ—સર્પ—વીંછી આદિનું આવાગમન થતું હોય છે. પાંચ વર્ષથી એ ત્યાં રહે છે. 'આ પ્રાણીઓ સાથે મને બહુ ફાવે છે. મને કંઈ ઈજા કરતા નથી, પરંતુ માણસો સાથે મને ફાવતું નથી. માણસો મને મારા ધ્યાન આદિમાં વિક્ષેપ પાડે છે, વળી માણસો ફાલતું નકામી વાતો કરીને પણ બહુ સમય બગાડે છે.' આવી આવી કેટલીયે વાતો કરી. તે સાંભળી અમને ખૂબ જ આશ્ચર્ય થયું કે આવા આવા સાધકો પણ છે. એમને જવાની ઉતાવળ હતી. બદરીનાથમાં તમને કોઈક વાર મળીશ એમ કહીને એ છૂટા પડ્યા.

અમે જોશીમઠમાં આવ્યા. વેદ--વેદાંગ સંસ્કૃત વિદ્યાલય નીચે એક છાત્રાલય છે તેમાં ઉતર્યા છીએ. અહીં આવીને જોશીમઠના શંકરાચાર્યને મળવા માટે નીકળ્યા.

જોશીમઠનું મૂળ નામ જ્યોતિમઠ છે. શંકરાચાર્ય લગભગ ૧૨૦૦ વર્ષ પૂર્વે જ્યારે આવેલા ત્યારે આ બાજુ એક ઝાડ નીચે તેમને દિવ્યજ્ઞાન પ્રગટ થયેલું. તે ઝાડને કલ્પવૃક્ષ કહે છે. તેની પાસે જ એક ગુફા છે તેમાં શંકરાચાર્યે તપશ્ચર્યા—સાધના કરેલી હતી. તે ગુફા શંકરાચાર્યની તપ:સ્થલી તરીકે આજે પણ વિદ્યમાન છે. ગુફામાં શંકરાચાર્યની સુંદર પ્રતિમા સ્થાપિત કરેલી છે. જરા પણ ફેરફાર વિનાનું આ શંકરાચાર્યનું નિશ્ચિત સ્થાન છે, એમ કહે છે. અહીં દિવ્યજ્યોતિ—દિવ્યજ્ઞાન પ્રગટ થવાને કારણે આ સ્થળે જ્યોતિપીઠની તેમણે સ્થાપના કરી હતી. અને તેમના શિષ્ય ત્રોટકાચાર્યને આ સ્થળે તેમણે જ આચાર્ય તરીકે નિયુક્ત કર્યા હતા.

આ ગાદી ઉપર આવનારા બધા શંકરાચાર્ય જ કહેવાય છે. એટલે જ્યારે ખાસ કહેવું હોય ત્યારે જગદ્ગુરુ આદિ (આદ્ય) શંકરાચાર્ય શબ્દપ્રયોગ કરવામાં આવે છે. વર્ષો સુધી આ પીઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર નવા નવા શંકરાચાર્યો આવ્યા. આદ્ય શંકરાચાર્યે પ્રસ્થાનત્રયી—ગીતા, ઉપનિષદ્ તથા બ્રહ્મસૂત્ર ઉપર ૧૬ વર્ષની ઉંમરે અહીં જ ભાષ્યની રચના કરી હતી. બ્રહ્મસૂત્ર ઉપર તથા બીજા ગ્રંથો ઉપરનું શાંકર-ભાષ્ય વિશ્વમાં અત્યંત વિખ્યાત છે.

આદ્ય શંકરાચાર્યે ભારતમાં પશ્ચિમમાં દ્વારકામાં શારદાપીઠની સ્થાપના કરી હતી. ત્યાં હસ્તામલકાચાર્યને ગાદીએ બેસાડ્યા હતા.

પૂર્વમાં જગન્નાથપુરીમાં ગોવર્ધનમઠની સ્થાપના કરી હતી. ત્યાં પદ્મપાદ આચાર્યને ગાદીએ બેસાડ્યા. દક્ષિણમાં રામેશ્વરમાં શૃંગેરીમઠની સ્થાપના કરી હતી. ત્યાં સુરેશ્વરાચાર્યને ગાદીએ બેસાડ્યા.

આ રીતે ભારતમાં ચાર દિશામાં ચાર પીઠની સ્થાપના આદ્ય શંકરાચાર્યે કરી હતી.

તે પછી તો ભારતમાં નાના—મોટા અનેક સ્થળે સંન્યાસીઓના આશ્રમો છે તે બધા પોતાને શંકરાચાર્યની ગાદીએ—શંકરાચાર્યની પાટે પરંપરાએ આવેલા છીએ એમ માને છે. પોતાને શંકરાચાર્ય પણ કહેવરાવે છે.

ઉત્તરમાં આવેલા જ્યોતિપીઠમાં ઘણાં વર્ષો પછી એ સ્થાન—પીઠ ઉજ્જડ જેવું થઈ ગયું. લગભગ દોઢસો વર્ષે પૂર્વે પ્રયાગના શંકરાચાર્યે આ સ્થાનનો પુનરુદ્ધાર કર્યો. એક મોટો બગીચો બનાવ્યો. તેમાં એક લાકડાનો વિશાળ મઠ પણ કર્યો. જગદ્ગુરુ આદ્ય શંકરાચાર્યના જ્યોતિપીઠના આચાર્ય તરીકે તેમની પ્રસિદ્ધિ પણ વારાસણીના વિદ્વાનોએ માન્ય કરી. આજે તેમની ગાદી ઉપર વાસુદેવાનંદ સરસ્વતી છે.

અમે વાસુદેવાનંદજીને મળવા ગયા. સંસ્કૃતમાં જ અમારો વાર્તાલાપ શરૂ થયો. અર્ધો—પોણો કલાક અથવા વધારે વાર્તાલાપ ચાલ્યો હશે. ખૂબ ખૂબ સદ્ભાવથી નિખાલસભાવે મુક્ત—મને વાતો થઈ.

બે મહિના ગ્રીષ્મઋતુમાં એ અહીં આવે છે. પછી તેમના સ્થાને પ્રયાગ (અલ્હાબાદ)માં ચાલ્યા જાય છે. ભિન્ન ભિન્ન સ્થળે ચોમાસા કરે છે. ચોમાસામાં બે મહિના બહાર જતા નથી. જ્યાં સુધી રહ્યા હોય તે જ સ્થાનમાં—તે જ નગરમાં રહે છે. આ વર્ષે મુંબઈમાં ચોમાસું કરવાના છે તેમનો સ્થાયી નિવાસ પ્રયાગ (અલ્હાબાદ) માં છે. તેમના સ્થાનની તદ્દન બાજુમાં જ દ્વારકા—શારદાપીઠના અધિપતિ સ્વરૂપાનંદ સરસ્વતીએ મોટું સ્થાન—મંદિર આદિ બનાવ્યું છે. એ કહે છે કે જ્યોતિ-પીઠનો શંકરાચાર્ય હું છું. આ સ્થાનથી અર્ધો—પોણો કિલોમીટર દૂર કરપાત્રીજીના શિષ્ય માધવાશ્રમે નૃસિંહમંદિર પાસે એક સ્થાન બનાવ્યું છે. એમણે પણ પોતાના સ્થાનને જ્યોતિર્મઠ નામ આપ્યું છે. જ્યોતિપીઠના અધિપતિ તરીકે જ—શંકરાચાર્ય તરીકે જ પોતાને કહેવરાવે છે. આમ અત્યારે જ્યોતિર્મઠમાં જોશીમઠમાં ત્રણ શંકરાચાર્યો છે.

વાસુદેવાનંદજીને મેં પૂછ્યું કે તમે પાસે પાસે જ રહો છો. પરસ્પર મળો છો? કંઈ વાતો કરો છો? જવાબમાં કહ્યું કે બિલકુલ મળતા નથી. કોર્ટમાં કેસ પણ સ્વરૂપાનંદ સરસ્વતી સાથે ચાલે છે. મેં પૂછ્યું કે આમ કેમ? તમે તો અદ્વૈતવાદી છો. મને નિખાલસ દિલે હસતાં હસતાં કહ્યું કે અત્યારે તો **'जगत् सत्यम् ब्रह्म मिथ्या ब्रह्म सत्यम् जगन्मिथ्या'** આ તો શાસ્ત્રોની વાત છે. આવતા વર્ષે મહા મહિનામાં પ્રયાગ (અલ્હાબાદ)માં કુંભમેળો છે. લગભગ ચાર કરોડ માણસો આવશે મેળામાં એવી તેમની ધારણા છે. અમને ખાસ આમંત્રણ આપ્યું કે તમે મેળામાં જરૂર જરૂર આવજો. તમને સ્વતંત્ર રહેવા આદિની વ્યવસ્થા હું જરૂર કરાવી આપીશ.

અમને પ્રસાદ લેવા ખાસ આગ્રહ કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારી સાથેના શ્રાવકોને ટોપલી ભરીને પૂરી–શીરો વગેરે આપ્યું.

અમારું મિલન ખૂબ આનંદદાયક રહ્યું. મને લાગે છે કે શંકરાચાર્યનું જૈન સાધુ સાથે મિલન ઈતિહાસમાં પ્રાય: પ્રથમ વાર જ હશે.

આનંદથી અમે છૂટા પડ્યા. ત્યાં સ્થાપેલી શંકરાચાર્યની ગાદી બતાવી. પછી એક પંડિતને મોકલીને જે કલ્પવૃક્ષ નીચે શંકરાચાર્યને દિવ્યજયોતિ, દિવ્યજ્ઞાન પ્રગટ થયેલું તે સ્થાન તથા પાસેની જ શંકરાચાર્યની તપ:સ્થલી ગુફા હતી તે બધું બતાવ્યું. કલ્પવૃક્ષનું થડ ઘણું જ ઘણું જાડું વિશાળ છે.

પછી સ્વરૂપાનંદ સરસ્વતીએ પાસે જ બતાવેલું મંદિર આદિ હતું તે જોયું. સ્વરૂપાનંદજી તો ત્યાં હતા પણ નહિ. ક્યારેક ક્યારેક આવે છે. અઠવાડિયું–પખવાડિયું રોકાય છે.

સાંજે નૃસિંહમંદિર પાસે માધવાશ્રમે સ્થાપેલો જયોતિર્મઠ જોવા ગયા. માધવાશ્રમ તો દિલ્હી ગયા હતા. તેમના શિષ્ય ઈંદ્રસ્વરૂપ બ્રહ્મચારી હતા. તે મળ્યા. કેટલી વાતો થઈ. એ તો કહે કે વાસુ- દેવાનંદ અને સ્વરૂપાનંદ બંને તદ્દન ખોટા છે. માધવાશ્રમે જ સાચા શંકરાચાર્ય છે. શંકરાચાર્યથી વિદેશમાં જવાય નહિ. વાસુદેવાનંદ પરદેશમાં જઈ આવ્યા છે એટલે એ શંકરાચાર્ય જ મટી ગયા છે. સ્વરૂપાનંદ સરસ્વતી ઉપર લોકોનો દુર્ભાવ છે. સાચા જગદ્‌ગુરુ શંકરાચાર્ય તો માધવાશ્રમ છે.

અમે આ બધું નાટક જોઈને એ વાગોળતા રહ્યા. છાત્રાલયમાં આવીને પ્રતિક્રમણ કરીને સૂઈ ગયા.


## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦, ૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ફોન : કૃષ્ણનગર–૪૩૯૭૮૨, વડવા પાનવાડી–૪૨૫૦૭૧, રૂપાણી-સરદારનગર-૫૬૫૯૬૦, ભાવનગર-પરા-૪૪૫૭૯૬, રામમંત્ર-મંદિર-૫૬૩૮૩૨, ઘોઘા રોડ–૫૬૪૩૩૦, શિશુવિહાર–૪૩૨૬૧૪

**તા. ૧-૪-૨૦૦૧ થી થાપણ તથા ધિરાણમાં સુધારેલ વ્યાજના દરો**

| ડીપોઝીટ | વ્યાજનો દર | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૯ ટકા |
| ૯૧ દિવસથી ૧ વર્ષ અંદર | ૬.૫ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૧૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૮.૫ ટકા | સેવિંગ્ઝ ખાતામાં ૫ ટકા વ્યાજ આપવામાં આવશે. | |

❀ ૮૫ માસે રકમ ડબલ મળશે. ❀ સીનીયર સીટીઝનને F.D. ઉપરએક ટકો વધુ વ્યાજ આપવામાં આવશે.

❀ સોના લોન, હાઉસીંગ લોન, મકાન રીપેરીંગ લોન, એન.એસ.સી. લોન, શૈક્ષણિક હેતુ લોન, સ્વ વ્યવસાય, સ્વ રોજગાર માટે ધિરાણ આપવામાં આવે છે. વધુ વિગત માટે હેડ ઓફિસ-શાખાઓનો સંપર્ક સાધવા વિનંતી.

❀ નિયમીત હપ્તા ભરનારને ભરેલ વ્યાજના ૬ ટકા વ્યાજ રીબેટ મળે છે.

બેન્કની વડવા-પાનવાડી રોડ શાખામાં વહેલા તે પહેલાના ધોરણે પસંદગીના લોકર ભાડે આપવામાં આવે છે.

મનહરભાઈ એચ. વ્યાસ — જનરલ મેનેજર
નિરંજનભાઈ ડી. દવે — મેનેજિંગ ડીરેકટર
વેણીલાલ એમ. પારેખ — ચેરમેન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભાના માનદ્ મંત્રીશ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળાનું દુઃખદ અવસાન

આ સભાના સેક્રેટરી અને આજીવન ઉત્સાહી કાર્યકર શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળાનું ગત તા. ૩૦-૧૨-૦૧ને રવિવારના રોજ ભાવનગર ખાતેના તેમના નિવાસ સ્થાને દુઃખદ અવસાન થયેલ છે.

મિલનસાર સ્વભાવ, સ્પષ્ટ વક્તવ્ય અને દરેક બાબતમાં ખંતપૂર્વક આગળ ધપવાની ઉત્સુકતાને લીધે તેઓ પોતાના વ્યાપારમાં સારી પ્રગતિ કરી શકયા હતા. સમાજ સેવાના કાર્યોમાં પણ તેઓ ઉત્સાહપૂર્વક રસ લેતા હતા. આથી જ જીવનના યૌવનકાળમાં જ કાર્યકરોમાં આગળ પડતું સ્થાન મેળવી શક્યા હતા. ધર્મ અને સાહિત્યની સેવા કરવાની ભાવના તેઓમાં નામપણથી જ જોવા મળતી હતી. આ સભાના નાના-મોટા દરેક કાર્યોમાં તેઓશ્રી માર્ગદર્શક હતા. સભાના શતાબ્દિ વર્ષમાં સભાએ પ્રકાશિત કરેલ ''શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર)''નાં પ્રકાશનમાં તેઓશ્રીએ ઘણોજ ઊંડો રસ લઈને આ ગ્રંથને અનેરૂ અને સુંદર સ્વરૂપ આપેલું.

છેલ્લા ૧૫ વર્ષથી વધુ લાંબા સમય સુધી તેઓશ્રીએ આ સભાના સેક્રેટરી તરીકે તથા કાર્યવાહક કમિટીમાં તન-મન અને ધનથી સુંદર સેવા બજાવી હતી. આ સભાના ઉત્કર્ષમાં તેમનો ઉત્સાહપૂર્વકનો ભોગ ખરેખર નોંધપાત્ર છે.

ગત તા. ૧-૧-૦૨ના રોજ સભાના હોલમાં એક શોકસભા રાખવામાં આવી હતી. જેમાં સ્વર્ગસ્થશ્રીની નમ્રતા, સહૃદયતા, સરળતા, સેવાભાવના, સાદાઈ, પ્રામાણિકતા, ઉદારતા અને સચ્ચાઈ વિગેરે અનેક સદ્‌ગુણોને યાદ કરી શ્રદ્ધાંજલિના સુમન અર્પણ કરવામાં આવેલ.

પરમ કૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થશ્રીના અમર આત્માને અવિચલ શાંતિ અર્પો અને તેમના વિશાળ કુટુંબીજનો ઉપર આવી પડેલ આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આર્પો એજ પ્રાર્થના.

*—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર*
*કાર્યવાહક કમિટી*

## ✻ શોકાંજલિ ✻

★ હારીજવાળા હાલ ભાવનગર નિવાસી શાંતિલાલ લાલચંદ શાહ (ઉ.વ. ૮૮) ગત તા. ૭-૧૨-૨૦૦૧ને શુક્રવારના રોજ સુરત મુકામે સ્વર્ગવાસ પામેલ છે. તેઓશ્રી આ સભાના પેટ્રન મેમ્બર હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત મમતા અને સ્નેહ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી તેમના કુટુંબ પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

★ ધર્મ, સમાજ, રાષ્ટ્ર અને શિક્ષણ ક્ષેત્રે તન, મન, ધનથી સેવા અર્પનારા શ્રી જે. આર. શાહનું મુંબઈ મુકામે ૮૬ વર્ષની વયે તા. ૪-૧૨-૨૦૦૧ને મંગળવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

આવા બુજર્ગ મહાનુભાવનું દુઃખદ અવસાન થતાં જૈન સમાજ અને શાસનને ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

આ સભા સદ્‌ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા*
*ખારગેઈટ, ભાવનગર*

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પર્વોનો મહિમા

*—પંન્યાસશ્રી કનકવિજયજી ગણિવર્ય*

માનવ જીવન સંયમ પ્રધાન અલૌકિક જીવન છે. ત્યાગ અને તપ એના પ્રાણ તત્ત્વો છે. અહિંસા એનો શ્વાસોશ્વાસ છે. જીવનને ઉજાળનારા આ બધા તત્ત્વોથી માનવ એ ખરેખર દેવ—દેવોનો પણ દેવ છે. એની રહેણી—કહેણી બધુંયે ત્યાગ, તપ તેમજ અહિંસક ભાવથી દીપી ઉઠે છે. પણ આવું જીવન સર્વાંશ જીવી જાણવાને એની તાકાત પહોંચતી નથી, ત્યારે જ તે માનવ, પર્વ દિવસોની ઉજવણી દ્વારા પોતાની તાકાત, શક્તિ તથા સામગ્રીને વિશેષ રીતે કસોટીએ ચઢાવવા તૈયાર થાય છે.

પર્વ દિવસોનું સ્થાન, જીવનમાં આજ કારણે મહત્વનું ગણાય છે. જયારે બીજા દિવસોમાં જે વાતાવરણ વાત—ચીત કે સંયોગ નથી મળતા, ત્યારે પર્વોના દિવસોમાં સહજ રીતે આધ્યાત્મિક જીવનને જીવી જાણવા માટેની હવા વાતાવરણમાં ઊભી થાય છે. માટે જ પર્વ દિવસો—પર્વો જીવનની ઉત્તમ ઘડીઓ કહેવાય છે. માનવતાના મહાન પ્રતિકોસમાં આ દિવસો, જીવનની કમાણીના બજારો કહીએ તો યે કોઈ અતિશયોક્તિ નથી જ.

જૈન દૃષ્ટિએ વધુ ઊંડી વિચારણા કરતાં સહેજે સમજી શકાય છે કે, આડા દિવસોમાં જેઓ ધર્મની આરાધના કરી શકતા નથી, તેઓ આવા દિવસોમાં સ્વાભાવિકપણે ધર્મ કરવાને લલચાય છે. પર્વ દિવસોમાં ભવાંતરની ગતિનું આયુષ્ય પ્રાયઃ બંધાય છે આયુષ્યના છેલ્લા ત્રીજા ભાગમાં ભવાંતરનું આયુષ્ય આત્મા બાંધે છે. એ નિયમને વિશેષ સ્પષ્ટતાથી સમજીએ તો જણાઈ જશે કે, મહિનામાં આવતા દશપર્વના દશ દિવસો દર ત્રીજા ભાગે જ આવેલા છે. પૂનમ અને એકમ પછી બીજ, ત્રીજ—ચોથ પછી પાંચમ, છઠ્ઠ—સાતમ પછી આઠમ—નોમ—દશમ પછી અગીયારસ, બારસ—તેરસ પછી ચૌદશ, આમ પાંચેય તિથિઓ દર ત્રીજા ભાગે રહેલી છે, એટલે ભવાંતરનું આયુષ્ય આ દિવસોમાં આત્મા બાંધે છે. જે સ્હેજે સમજી શકાય છે.

તદુપરાંત, બાર મહિનામાં એવા અનેક પર્વદિવસો છે. જેમાં સામાન્ય દિવસો કરતાંયે ધર્મની વિરતી, ધર્મની આરાધના માટેનો ઉત્સાહ, ઉલ્લાસ, સ્ફૂર્તિ તેમ જ ઉર્મિ વિશેષ રીતે થવાના નિમિત્તો મળી રહે છે. કાર્તિકથી અષાડ સુધીમાં એવા અનેક પર્વો આપણા જીવનમાં નવીનતાનો સંદેશ લઈ, જીવનમાં આરાધનાના વાતાવરણને ભરીને આપણી આસપાસ ફરી વળે છે. જયારે અષાડના બીજા પખવાડિયાથી—સુદિ ૧૪થી કાર્તિક સુદિ ૧૪ સુધીના ૧૨૦ દિવસો તો આપણા જીવનને કોઈ અલૌકિક સંભારણા પીરસી આપણી જીવન પળોને ધન્ય બનાવે છે. ખરેખર આ ચાતુર્માસ એટલે પર્વોનો મહાભંડાર; પર્યુષણા પર્વ; આસોની શાશ્વતી નવપદજીની અઠ્ઠાઈ, દિવાળી, જ્ઞાનપંચમી, કાર્તિકી અઠ્ઠાઈ આ અને બીજા અનેક પર્વો—મહાપર્વોની આરાધના કરવાનું સૌભાગ્ય આપણને આ ચાતુર્માસમાં પ્રાપ્ત થાય છે.

શેષકાળમાં કાર્તિકી પૂર્ણિમાં, મૌન એકાદશી, ફાગણ અઠ્ઠાઈ, ફાગણ ચૌમાસી, ચૈત્રી શાશ્વત ઓળી અને અષાડી અઠ્ઠાઈ—તદુપરાંત શ્રી જિનેશ્વરદેવના કલ્યાણકો આ અને બીજા અનેક પર્વો જીવનને ઉજજવળ બનાવવાની સુવર્ણ તકો આપણને ભેટ ધરી છે. જીવનના પાપપંકને પલાખનારા આ દિવસો આરાધકભાવનો ભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીપક સદા જ્વલંત રાખવાનો મહામૂલો સાદ આપણને આપી જાય છે.

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આ બધા મુખ્યત્વે આત્મધર્મની સાધના માટેના પણ આલંબનો છે. છતાં આમાં કાલ પણ ભાવવૃદ્ધિનું સહાયક છે. એથી જ પર્વ દિવસોમાં રત્નત્રયીની આરાધના સ્વાભાવિક રીતે વિશેષપણે થાય છે. લૌકિક વ્યવહારોમાં વસંત મહોત્સવ, ઈંદ્રમહોત્સવની ઉજવણી દ્વારા ભૂતકાળમાં તેમ જ વર્તમાનકાળમાં રાજકીય ક્ષેત્રમાં અનેક નાના–મોટા તહેવારોની સામુદાયિક ઉજવણીથી જેમ વાતાવરણને જાગતું રાખવાની જરૂરિયાત જણાઈ આવે છે, તેમ વિરતી ધર્મની આરાધનાને જાગૃત રાખવા પર્વ દિવસો આપણા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ખરેખર માનવજીવનમાં આરાધનાના વાતાવરણને સભર રાખનારા પર્વ દિવસોનો મહિમા વાણીની પેલે પાર છે. માટે જ એની સફળતાનો ઉપદેશ આપતા આપણા ઉપકારી મહાપુરુષો ફરમાવી રહ્યા છે :—

**વિરતીએ સુમતિ ધરી આદરો,**
**પરિહરો વિષય–કષાય રે;**
**બાપડા પંચપરમાદશી,**
**કા પડો કુગતિમાં ધાય રે.**

*(દીપમાળા પુસ્તકમાંથી સાભાર)*

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર આયોજિત

## : યાત્રા પ્રવાસ :

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર દ્વારા ગત તા. ૧૩-૧-૦૨ને રવિવારના રોજ ઘોઘા, પાર્શ્વધામ તણસા, દિહોર, ટાણા, વરલ, શેત્રુંજી ડેમ, પાલીતાણા–તલેટીનો એક દિવસીય યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો.**

**આ યાત્રા પ્રવાસ કારતક માસનો ડેમનો તથા માગશર માસનો ઘોઘાનો સંયુક્ત રાખવામાં આવ્યો હતો.**

**સભાના સભ્યશ્રી ભાઈઓ–બહેનો, ડોનરશ્રીઓ તથા મહેમાનોએ સારી એવી સંખ્યામાં હાજર રહી આ યાત્રા પ્રવાસ ખૂબ જ આનંદ–ઉત્સાહ અને ધાર્મિક ભાવનાઓ સહ પરિપૂર્ણ કર્યો હતો.**

**દરેક તીર્થસ્થળોએ દર્શન, પૂજા, ચૈત્યવંદન આદિનો શાસનપ્રભાવક લ્હાવો લેવામાં આવ્યો હતો. આ યાત્રા પ્રવાસ દરમ્યાન રૂા. ૬૦૧-નું સંઘપૂજન થયું હતું.**

**ડેમ તથા ઘોઘાના યાત્રા પ્રવાસના ડોનરોના વ્યાજની રકમમાંથી ગુરુભક્તિ તથા સ્વામી-ભક્તિ કરવામાં આવી હતી.**

**આ યાત્રા પ્રવાસમાં સભાના ઉપપ્રમુખશ્રી દિવ્યકાંતભાઈ સલોત, મંત્રીશ્રી ચીમનલાલ વી. શાહ અને શ્રી ભાસ્કરભાઈ વકીલ, કમિટીના સભ્યશ્રી મનહરભાઈ મહેતા, પ્રવિણભાઈ સંઘવી, હર્ષદભાઈ સલોત તથા સભ્યશ્રીઓ સુરૂભાઈ ખાંડવાળા, લલીતભાઈ શાહ, ધનજીભાઈ શાહ વગેરેએ સુંદર સહયોગ આપી આ યાત્રા પ્રવાસને યાદગાર બનાવ્યો હતો.**

*અહેવાલ : મુકેશ સરવૈયા*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કોઈએ કરેલા ઉપકારને ભૂલવો નહિ, આપણે કરેલા ઉપકારને યાદ કરવો નહિ !

સજ્જન સંહિતાનો પહેલો મંત્ર પરોપકારના ગુણગાન ગાનારો હોય છે. પોતાના સુખ માટે તો આ દુનિયામાં ક્યો માનવી જીવતો નથી? જે બીજાના સુખ માટે જીવવા લાગે છે તે સજ્જન કહેવાય છે. સજ્જનનો જીવનમંત્ર હોય છે—કોઈએ આપણા પર કરેલા ઉપકારને કદી ભૂલવો નહિ અને આપણે કોઈના પર કરેલા ઉપકારને કદી પણ યાદ કરવો નહિ! **न हि प्रत्युपकारणम् अपेक्षा सत्सु विद्यते**--ઉપકારના બદલાની અપેક્ષા નથી રાખતા. જેમ ગ્રંથોને ગોખી નાખવાથી જ્ઞાની નથી થઈ જવાતું તેમ ગુણાલાપ કરવાથી સજ્જન નથી થઈ જવાતું. સજ્જન સહજ રીતે સદ્‌ગુણ સંપન્ન હોય છે. તેના સદ્‌ગુણ અને સદાચારની સુગંધ દૂરથી પણ આવતી રહે છે. સજ્જનની બુદ્ધિ તીક્ષ્ણ હોય છે પણ મર્મભેદી નહિ, કર્મ તેજસ્વી હોય છે પણ શાંતિહનક નહિ, મન ઊષ્ણ હોય છે પણ તાપ આપનારું નહિ, વાણી સરસ હોય છે પણ જુઠ્ઠાણાભરી નહિ. તે પોતાના નાનામાં નાના દોષને અને બીજાના નાનામાં નાના ગુણ જોઈ શકે છે. તે કોઈનું કડવું બોલતો નથી અને પોતાના વિશે બોલાયેલું કડવું સાંભળી શકે છે. તે ધૈર્યવાન હોવાથી ક્રોધ પર કાબુ રાખી શકે છે અને પ્રજ્ઞાવાન હોવાથી કોઈનું આંધળુ અનુકરણ કરતો નથી.

સજ્જન સત્ય—દર્શી અને સત્ય—વાદી હોય છે. તેના ગુણો પાર—દર્શી અને પાર—ગામી હોય છે. સજ્જન સામાન્ય રીતે તો ગુસ્સો કરતો જ નથી, તે ક્યારેક ગુસ્સો કરે છે તો કોઈનું ખરાબ વિચારતો નથી. તે ક્યારેક કોઈનું વિચારે તો તેનું ખરાબ બોલતો નથી અને કદાચ ક્યારેક કોઈનું ખરાબ બોલે તો લજ્જા, ખેદ અને પશ્ચાત્તાપ કર્યા વિના તો નથી જ રહેતો! કોઈ તેને છેતરી જાય એટલો ભોળો ન હોય તો પણ કોઈને છેતરે નહિ એટલો ભલો તો તે જરૂર હોય છે. મશહુર કવિ 'દાગ' કહે છે—

**यह काम नहीं आँसा इन्सानको मुश्किल है।**
**दुनियामें भला होना, दुनिया का भला करना।**

સંસ્કૃત કવિની સલાહ છે—**गृहीत इव केशेषु मृत्युना धर्म आचरेत्**—મૃત્યુએ તારા વાળ પકડેલા છે અને તેના શક્તિશાળી હાથથી તને અદ્ધર ઉઠાવે એટલી જ વાર છે એમ સમજીને તું ધર્મનું આચરણ કર. ફારસી કવિ શેખ સાદીની સલાહ પણ ધ્યાનમાં લેવા યોગ્ય છે.

**"खैरे कुन ऐ फलां ब गनीमत शुसार उम्र।**
**जां पेश्तर कि बांगबर आयद फलां न मांद।**

હે ભદ્ર પુરુષો! ઉદ્ઘોષક આવે અને જાહેર કરે કે ફલાણી વ્યક્તિ હવે આ દુનિયામાં રહી નથી એ પહેલાં તું ભલાઈ કર. તારું જેટલું પણ આયુષ્ય બાકી રહ્યું છે એને એની ગનીમત સમજ."

રશિયન રાજા નિકોલસના રાજ્યકાળ દરમિયાન એક ગરીબ સૈનિક તેની બેરેક્સમાં અત્યંત ચિંતાગ્રસ્ત દશામાં બેઠો હતો. તેના માથે ખૂબ દેવું થઈ ગયું હતું અને તે ચૂકવવા માટે તેની પાસે કોઈ રસ્તો ન હતો. તેણે એક કાગળ પર તે બધાની યાદી બનાવી અને તેની નીચે લખ્યું—'કોણ આની ભરપાઈ કરશે?' પછી તે થાક અને હતાશાને કારણે સૂઈ ગયો. એટલામાં એવું બન્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે રાજા નિકોલસ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા અને તેમણે પેલા સૂતેલા સૈનિકને જોયો. તે થોડીવાર આરામ કરવા તેની બાજુમાં જ બેઠા. તેમણે પેલા સૈનિકે લખેલો પોતાના દેવાની વિગતોવાળો કાગળ વાંચ્યો. તેની નીચે લખેલું પેલું વાક્ય પણ વાંચ્યું. ''કોણ આની ભરપાઈ કરશે?'' તેમણે બાજુમાં પડેલી પેન્સિલ ઉઠાવી અને તેનો જવાબ નીચે લખી કાઢયો—'નિકોલસ' પછી તે ચાલ્યો ગયો. સૈનિક જાગ્યો. તેની નજર ફરીથી પેલા કાગળ પર પડી. તેના પ્રશ્નની નીચે કોઈકે પોતાનું નામ લખેલું છે તે જોઈ તે આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે ધ્યાનથી નામ વાંચ્યું તો તેને ખબર પડી કે ત્યાં 'નિકોલસ' એવું લખેલું હતું. તેના મનમાં તર્ક વિતર્ક થવા લાગ્યા. કોણ હશે આ નિકોલસ? કદાચ, એમ્પરર નિકોલસ પોતે તો નહિ હોય? બીજે દિવસે એક રાજદૂત આવ્યો અને તે સૈનિકને એક કવર આપી ચાલ્યો ગયો. સૈનિકે કવર ખોલ્યું તો તેમાંથી એટલા પૈસા નીકળ્યા જેટલા તેણે પોતાની દેવા તરીકે ગણતરી કરીને પેલા કાગળ પર લખ્યા હતા! અંગ્રેજ કવિ વિલિયમ વર્ડસવર્થે તેના એક કાવ્યમાં લખ્યું છે.

``The best portion of a goodman's life His little, nameless, unremembered acts of Kindness and of love.

દયા અને પ્રેમના નાના નાના, નામના-રહિત, અવિસ્મરણીય કૃત્યો જ સજ્જનના જીવનનો સર્વોત્તમ ભાગ હોય છે.'' સજ્જન તેના સદ્‌ગુણોને સતત છૂપાવવાનો પ્રયત્ન કરે છે છતાં તે પ્રકટ થયા વિના રહેતો નથી, દુર્જન તેના દુર્ગુણોને સતત છૂપાવવાનો પ્રયત્ન કરે છે છતાં પ્રગટ થયા વિના રહેતો નથી!

*—દેવેશ મહેતા*

*(ગુજરાત સમાચાર આગમનિગમ પૂર્તિમાંથી સાભાર)*

---

## ફોર્મ નં. ૪ નિયમ ૮

(૧) **પ્રકાશન સ્થળ** : શ્રી જૈન આત્માનંદ સભા (રજીસ્ટર્ડ ટ્રસ્ટ)
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૫૨૧૬૯૮

(૨) **પ્રકાશન અવધિ** : માસિક

(૩) **મુદ્રક : પ્રકાશક : માલિક** : શ્રી જૈન આત્માનંદ સભા—ભારતીય
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

(૪) **તંત્રીનું નામ** : પ્રમોદકાંત ખીમચંદ શાહ—ભારતીય.
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર—૩૬૪૦૦૧

હું પ્રમોદકાંત ખીમચંદ શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

તા.૧૬-૨-૨૦૦૨

તંત્રી
પ્રમોદકાંત ખીમચંદ શાહ
શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાર ક્ષત્રિયોદ્ધારક, પરમ શાસનપ્રભાવક, વર્તમાન ગચ્છાધિપતિ

# પૂ. આ. શ્રી વિજયઈન્દ્રદિન્નસૂરિજી મ.સા. કાળધર્મ પામ્યા

(પરમાર ક્ષત્રિયોદ્ધારક, પરમ શાસન પ્રભાવક, વર્તમાન ગચ્છાધિપતિ પૂ. આચાર્યશ્રી વિજય ઈન્દ્રદિન્ન-સૂરીશ્વરજી મ.સા. ગત તા. ૪-૧-૦૨ શુક્રવારના રોજ અંબાલા (પંજાબ) મુકામે કાળધર્મ પામ્યા છે. જૈન સમાજના એક મહાન માર્ગદર્શકની જીવન ઝરમર આ તકે પ્રસ્તુત છે.)

## જીવન ઝરમર

પંજાબ કેસરી, યુગદૃષ્ટા આચાર્ય પ્રવર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયમાં ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજય ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.સાનું નામ ઘણું જ આદરવંત છે.

તેઓશ્રીનો જન્મ વડોદરા પાસે આવેલા સાતપુરા નામના ગામમાં થયો હતો. પિતાનું નામ રણછોડભાઈ અને માતાનું નામ બાલુદેવી હતું. સં. ૧૯૮૦ના આસો વદ ૯ના શુભ દિવસે બાલુદેવીએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. બાળકનું નામ મોહનલાલ રાખવામાં આવ્યું. પિતાનો ધંધો ખેતીનો હતો. મોહનલાલનું મન ધંધામાં કે સંસારમાં લાગતું ન હતું. અઢાર વર્ષની યુવાન વયે દીક્ષા અંગીકાર કરવાની માતા–પિતા પાસે આજ્ઞા માંગી, તેઓની આજ્ઞા મળતા સં. ૧૯૯૮ના ફાગણ સુદ પાંચમે નરસડા (આણંદ) ગામે પૂ. મુનિરાજશ્રી વિનયવિજયજી મ.સા. પાસે પ્રવ્રજ્યા અંગિકાર કરી મોહનભાઈ મુનિશ્રી ઈન્દ્રવિજયજી બન્યા. ત્યારબાદ બીજોવામાં વડી દીક્ષા થઈ. સં. ૨૦૧૧ના ફાગણ વદ ૩ના દિવસે સુરતમાં પૂ.આશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ.સા.ના વરદ્ હસ્તે મુનિશ્રી ઈન્દ્રવિજયજી મ.સા.ને ગણિપદવી પ્રદાન કરવામાં આવી. ત્યારબાદ તેઓશ્રી સતત બાર વર્ષ સુધી બોડેલી ક્ષેત્રના ગામોમાં વયોવૃદ્ધ મુનિશ્રી જિનભદ્રવિજયજી મ.સા. સાથે વિચરતા રહ્યા. ત્યાં જેઓ પહેલા જૈન હતા, પણ વર્ષોથી કબીરપંથી બની ગયા હતા તેવા ૫૦ હજાર થી પણ વધુ પરમાર ક્ષત્રિયોને જૈનધર્મી બનાવ્યા. દેરાસર, ઉપાશ્રય, પાઠશાળા બનાવવાની પ્રેરણા આપી. આ પરમાર ક્ષત્રિયોમાંથી ૮૦ જેટલા ભાઈઓએ દીક્ષા અંગિકાર કરી જૈન શાસનનો જય જયકાર વર્તાવ્યો. પૂજ્યશ્રીનું આ કાર્ય જૈન શાસનના ઈતિહાસમાં અદ્વિતીય અવિસ્મરણીય ઘટના તરીકે લેવાશે.

સં. ૨૦૨૭ના મહા સુદ ૫ તા. ૧-૨-૧૯૭૧ના શુભ દિવસે પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ.સા.ના વરદ્ હસ્તે આચાર્યપદવી આપવામાં આવી. ત્યારબાદ સં. ૨૦૨૮મા પ્રશાંતમૂર્તિ આ. શ્રી વિજય સમુદ્રસૂરીશ્વરજી મ.સા.નું સ્વાસ્થ્ય બગડતા પૂ. આચાર્યશ્રીએ સમુદાયના ગચ્છાધિપતિ તરીકેનો ભાર પૂ.આ.શ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.સા.ને સોંપ્યો. પૂજ્યશ્રી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દી પ્રસંગે પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્ય ભગવંત સાથે દિલ્હી પધાર્યા હતા, અને ત્યારબાદ પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ આદિ પ્રદેશોમાં વિહાર કરી સંઘ--શાસનના સાતેય ક્ષેત્રોના શાસન કાર્યો કર્યા હતા.

પૂજ્યશ્રીના ચરણ કમળ ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, કાશ્મીર આદિ વિવિધ પ્રદેશોમાં વિહર્યા હતા. પૂજ્યશ્રી જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં દીક્ષા મહોત્સવો, અંજનશલાકા--પ્રતિષ્ઠાઓ, ઉપધાનતપો, સંક્રાંતિ મહોત્સવો, યાત્રા સંઘો--એમ વિવિધ ધાર્મિક ઉત્સવોની ધૂમ મચી રહેતી હતી.

પૂજ્યશ્રીની દિનચર્યા, પ્રવચનશૈલી અને સૌમ્યમધૂર વ્યક્તિત્વ અનેકોને પ્રેરણાદાયી બની રહ્યું છે. એવા એ સમર્થ શાસનપ્રભાવક આચાર્યદેવશ્રીને અંતરના કોટિ–કોટિ વંદન!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# * જૈનોએ જાણવા જેવું *

—જૈનોની માન્યતા પ્રમાણે આ વિશ્વ અનાદિકાળથી ચાલતું આવ્યું છે અને ચાલ્યા જ કરશે. જગતનો પ્રારંભ કે અંત નથી, અને તેનો બનાવનાર પણ કોઈ નથી!

—કેટલાક એમ માને છે કે આ દુનિયા અને તેના ઘટમાળનું ચક્ર ઈશ્વરે બનાવ્યું છે, જૈન-દર્શન પ્રમાણે તો જગતનું ચક્ર કાળ, સ્વભાવ, નિયતી, કર્મ અને પુરૂષાર્થ આ પાંચ કારણોના મેળથી (સમૂહથી) અનાદિ કાળથી ચાલ્યા કરે છે અને અનંતકાળ સુધી ચાલશે.

—જેમ જગતનો કર્તા કોઈ નથી તેમ આત્માને સુખ દુઃખ આપનાર કોઈ વ્યક્તિ નથી. આત્મા પોતે જ પોતાના પુર્વભવના કરેલા કર્મોને અનુસાર સુખ-દુઃખ ભોગવે છે.

—આપણે મરણ પછીના શ્રાદ્ધ જેવા રિવાજોને માનતા નથી. આપણે માનીએ છીએ કે આત્મા પોતે જ ધર્મકરણી કરે તેનું ફળ તેને જ મળે છે. એટલે કરેલી ધર્મકરણીનું ફળ અનુમોદનથી બીજાને પણ મરણ પછી આત્મા માટે થતી ક્રિયાઓ કે ધર્મ મૃતઆત્માને પહોંચી શકતા નથી. કેમ કે તે જીવ તેની અનુમોદના કરી શકતો નથી. માટે પોતાની હાજરીમાં થાય તે ઉચિત છે.

—જૈન ધર્મ કોઈપણ મનુષ્ય પાળી શકે છે. તેમાં વર્ણ, જાતિ, લિંગ કે શ્રીમંતાઈના ભેદભાવો નથી. મહાવીર પ્રભુના મુખ્ય શિષ્યો વેદ શાસ્ત્રના બ્રાહ્મણ પંડિતો હતા. તેમના ઘણા અનુયાયીઓ ક્ષત્રિઓ હતા. પ્રભુ મહાવીરના કેટલાક શ્રાવકો કુંભાર અને ખેડુતનો ધંધો કરનારા વણિકો અને ઊંચ જાતિના શુદ્રો પણ હતા, મચ્છીમાર તથા કસાઈઓએ પણ જૈન ધર્મ અંગીકાર કર્યાના દાખલા મળે છે!

—પુરૂષની માફક સ્ત્રીને જેમ તીર્થંકર થવાની તક છે, તેમ નીચ કુળ કે જાતિમાં જન્મનારને પણ મોક્ષે જવાની સરખી જ તક છે.

—ભારતીય સાહિત્ય તથા કાળમાં જૈનોનો મોટામાં મોટો ફાળો છે. સાહિત્યનો ફાળો સાધુ વર્ગે આપ્યો છે, તેમણે દુનિયાને મહાન વિદ્વાન પંડિતો અને વિચારકો આપ્યા છે. કળાનો યશ જૈન શ્રાવકોને આભારી છે.

—જૈનોના ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામી ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં અને ત્રેવીસ તીર્થંકરો તો તે પહેલાં લાખો, કરોડો, અબજો અને પરાર્ધ વર્ષોથી પણ પૂર્વે થઈ ગયા છે. અને ત્યારથી જૈન ધર્મનો પ્રચાર કરતા હતા. એવું પરદેશી વિદ્વાનોએ કબુલ કર્યું છે.

—અનંતા પાપની રાશિ ભેગી થાય ત્યારે સ્ત્રીનો અવતાર આવે છે. એમાં જન્મથી જ માયા-કપટ આદિ દુર્ગુણો આવે છે. છતાં પ્રભુ મહાવીરે ચતુર્વિધ સંઘમાં સમાન હક્ક આપી તેઓના આત્માના ઉદ્ધારનો અપુર્વ માર્ગ ફરમાવી અપુર્વ ન્યાય આપ્યો છે.

—ભગવાન મહાવીર સ્વામી પછી ૬૦૯ વર્ષે શીવભુતિ નામની વ્યક્તિએ ગુરૂથી જુદા પડી દિગંબર મતની શરૂઆત કરી.

—કહેવાય છે કે એક સમયે ભારતમાં ચાલીસ લાખ જૈનો હતા. જૈન ધર્મનો ફેલાવો કાશ્મીર થી માંડીને મૈસુર રાજ્ય અને ત્યાંથી પણ આગળ સિલોન સુધી થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



—જૈનો ઘણા નગરોમાં રાજાઓ તથા રાજ્યના મુખ્યમંત્રીઓ હતા. વળી શરાફી અને મોટા વેપાર ધંધા પણ જૈનોના હાથમાં હતા. આમ બુદ્ધિ, સત્તા અને વૈભવથી રાષ્ટ્રમાં જૈનોનું સ્થાન મોખરે હતું અને હજીયે તે પરંપરા ચાલુ જ છે, નગરશેઠની પદવી પણ જૈનો જ ભોગવતા.

—પશ્ચિમ જર્મનીમાં વૈજ્ઞાનિક ગ્રેટેએ પોતાના પુસ્તકાલયમાં ૧૦,૦૦૦ હસ્તલિખિત જૈન પુસ્તકો રાખેલા છે. તેઓ જૈન ધર્મના મહામંત્ર શ્રી નવકારને આદર્શ ગણે છે.

—ભગવાન મહાવીરનું ભવિષ્ય કથન...મારા ૨૫૦૦ વર્ષ પછી એટલે સં. ૨૦૩૦ પછી જિનધર્મની ઉન્નતિ થશે. ૧૧૧૧૬૦૦૦ ઉત્તમ આચાર્યો થશે. તેમાં ૨૦૦૪ યુગ પ્રધાન થશે. તથા ૫૫૫૫૫૫૫૫૫૫, એટલા આચાર્ય ૬૬૬૬૬૬૬૬૬૬ સાધુ ૭૭૭૭૭૭૭૭૭૭ સાધ્વીઓ, ૮૮૮૮૮૮૮૮૮ શ્રાવકો, ૯૯૯૯૯૯૯૯૯ શ્રાવિકાઓ થશે.

—જિનધર્મનો લોપ : વીર નિર્વાણ પછી વીસ હજાર નવસો વરસે, ત્રણ માસ, પાંચ દિવસ, એક પહોર, એક ઘડી, બે પળ અને અડતાલીશ અક્ષરોનો ઉચ્ચાર કરાય એટલો વખત વીતસે ત્યારે જિનધર્મનો લોપ થશે. એ કાળમાં અંતે દુપસહ નામના છેલ્લા આચાર્ય થશે. ફાલ્ગુ શ્રી નામે સાધ્વી તથા જીનદાસ નામે શ્રાવક તથા નાગશ્રી નામે શ્રાવિકા એ ચારે દેવલોકમાં જશે. કુલ એકવીસ હજાર વરસનો પાંચમો આરો પૂરો થશે. અગ્નિ, ઝેર, પથ્થર વગેરેની વરસા થશે અને પછી એકવીસ હજાર વરસનો છઠ્ઠો આરો શરૂ થશે.

—હવે પછીના પ્રથમ તીર્થંકર :—શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછી ચોરાસી હજાર ને સાત વર્ષ પાંચ માસ પછી તેમના જ જેવા પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ સ્વામીના ગર્ભાવતરણનો સમય ગણવો. (ચોથા આરાના ૩ વર્ષ અને ૮।। માસ પહેલાં પ્રભુ મહાવીર મોક્ષે પધાર્યા. ૨૧૦૦૦ હજાર વર્ષનો પાંચમો આરો તથા ૨૧૦૦૦ હજાર વર્ષનો છઠ્ઠો આરો ગયા બાદ ઉત્સર્પિણી કાળના ૨૧, હજાર–૨૧ હજાર વર્ષના પહેલા-બીજા આરા બાદ ત્રીજા આરાના ૩ વર્ષ અને ૮।। માસ (૮૯ પખવાડિયા) બાદ પહેલા તીર્થંકર શ્રી પદ્મનાભ સ્વામી થશે. (શ્રી શ્રેણિકરાજાનો જીવ)....

૬૪ ઈન્દ્રોના પૂજ્યનીક તીર્થંકર ભગવંતો, (૬૪, ઈન્દ્રોની સમજ) ભવનપતિના ૨૦ ઈન્દ્રો વાણ-વ્યંતરના ૩૨ ઈન્દ્રો. સૂર્ય–ચન્દ્રના ૨ ઈન્દ્રો (જ્યોતિષીના). બાર દેવલોકના ૧૦ ઈન્દ્રો, (વૈમાનિકના) કુલ ૬૪ ઈન્દ્રો મળી પોત પોતાના પરિવાર સાથે શ્રી તીર્થંકર ભગવાનની સ્તુતિ કરે છે :—

શ્રી તીર્થંકર ભગવંતો સમોવસરણમાં ઉપદેશ આપતી વખતે ૧૨ પ્રકારની પ્રખદા હાજર હોય છે. તે આ પ્રમાણે હોય છે :—

| | |
|---|---|
| (૧) ભવનપતિ દેવો અને દેવીઓ :— | ૨ |
| (૨) વાણવ્યંતર દેવો અને દેવીઓ | ૨ |
| (૩) જ્યોતિષી દેવો અને દેવીઓ | ૨ |
| (૪) વૈમાનિક દેવો અને દેવીઓ | ૨ |
| (૫) મનુષ્ય–મનુષ્યાણીઓ | ૨ |
| (૬) તિર્યંચ–તિર્યંચાણીઓ | ૨ |

*—શ્રી પોપટલાલ એચ. ભાવસાર, પાટણ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિશ્વ શાંતિની સાધના

*—પંન્યાસશ્રી કનકવિજયજી ગણિવર્ય*

સંસારમાં આજે શાંતિની વાતો વધતા પ્રમાણમાં થઈ રહી છે. વિશ્વશાંતિ સ્થાપવાની બૂમો આજે દુનિયાના દરેક દેશો પાડી રહ્યા છે. યૂરોપના શક્તિશાળી દેશોએ તો સલામતી સમિતિ દ્વારા વિશ્વશાંતિના પ્રચારનું ફારસ ભજવવું પણ શરૂ કરી દીધું છે. પણ આ બધા પ્રયત્નો અને વાતોની પાછળ દરેકે દરેક દેશના સત્તાધીશોની નેમ, પોતાને જે પચી ગયું છે, તેને સલામત રાખવાના સ્વાર્થ સિવાય, અને એ બહાને નવું પચાવી પાડવાનો લાગ મેળવવાની પેરવાઈ સિવાય અન્ય કાંઈ જ નથી.

સત્તાલોલુપ સ્વાર્થી માનવો, ડાહી--ડાહી વાતોથી કે ધનના ઢગલાઓથી યા શસ્ત્રાસ્ત્રોના ખણખણાટથી, જગતમાં કદિ કાળે વિશ્વશાંતિ નહિ જ સ્થાપી શકે. આ હકીકત તદ્દન વાસ્તવિક છે. માટે શાંતિ સ્થાપવા સારૂં સહુ પહેલા દરેકે દરેક દેશોએ, તેમજ દેશમાં વસતી દરેકે દરેક પ્રજાએ, સ્વાર્થત્યાગને જીવનમાં સ્થાન આપવું જ પડશે. તે વિના વિશ્વશાંતિની વાતો કેવળ ઝાંઝવાના જળ જેવી બની જશે. સ્વાર્થની અંધતાએ આજે માઝા મૂકી છે. સ્વાર્થાન્ધ માનવ જેવું ભયંકર એકેય પ્રાણી નથી. સેંકડો નાગણોની દાઢમાં રહેલું ઝેર કે હજારો સિંહોના પંજામાં વસ્તી ક્રૂરતા કરતાંયે સ્વાર્થાન્ધ માનવીની ક્રૂરતા અને તેનું ઝેર વધુ ભયંકર છે.

સત્તા કે ધન લોભના સ્વાર્થમાં આંધળા બનેલા યૂરોપના મહાન રાજ્યો, એક બાજુ વિશ્વ શાંતિની વાતો કર્યે જાય છે, જ્યારે બીજી બાજુ નિર્બળોની છાતી પર ચઢી બેસવાની અને સરખા દેશોની સામે મોરચો ઊભો કરવાની જે બેવડી રમતો રમી રહ્યા છે, એ યૂરોપ જેવા સભ્ય ગણાતા દેશને માટે કેટ—કેટલું સરમાવનારૂં કહેવાય?

ખરેખર સત્તાલોભ અને ધનતૃષ્ણાનો નશો ખૂબ જ ભયંકર છે. એની કેફી અસરથી પીડાતા માનવો, જગતમાં અત્યાચારની હેલી વર્ષાવી મૂકે છે. જગતની સમસ્ત સંસારની આશાંતિને ભડકે બાળી નાખનાર આ જ એક કારમું પાપ, આજે એશિયા અને યૂરોપની દુનિયાના મહાન દેશો પર ઓછા—વત્તા અંશે સવાર થઈને બેઠું છે.

આ બધી પરિસ્થિતિ આપણને એક જ બોધપાઠ આપી જાય છે કે 'બળ, બુદ્ધિ કે તાકાતનો ઉપયોગ ડહાપણપૂર્વક કરો, નિર્બળો, પીડિતો અને અશરણ માનવોનું અને તેવા દેશોનું કેવળ સ્વાર્થ વિના નિઃસ્વાર્થ ભાવે રક્ષણ કરો! સત્તાનો સાચો સદુપયોગ પ્રામાણિકતાપૂર્વક જીવાડીને જીવોની નીતિમાં જ છે. કોઈના પણ હક્ક કે અધિકાર ઝૂંટવી ન લો! જેટલો તમને જીવવાનો કે હક્ક ભોગવવાનો અધિકાર છે તેટલો જ અધિકાર તમારી પડખે રહેલા માનવને કે જીવ માત્રને છે, એ તમારા દેશની પ્રજા હોય કે કોઈપણ દેશની પ્રજા હોય!

સહુ શક્તિશાળી માનવો આટલું કરે તો વિશ્વશાંતિની વાતો ખરેખર સાર્થક છે. વિનાશના વિહામણા મુખમાં ધકેલાઈ રહેલી દુનિયાને ઉગારવાનો આ જ એક સાચો અને સરળ માર્ગ છે, અને તો જ વિશ્વશાંતિની સાધના શક્ય બને.

*('દીપમાલ' લઘુ નિબંધનિકા સંગ્રહમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વાલકેશ્વરમાં છ–છ દીક્ષાર્થીઓનો દબદબાભેર વરઘોડો

સુરત વીસા ઓસવાલ જ્ઞાતીય મુંબઈ–વાલકેશ્વર રહેતા સાકેરચંદ મોતીચંદ ઝવેરીએ ગત તા. ૪થી નવેશ્વરના વાલકેશ્વરના આગણે છ–છ દીક્ષાર્થીઓ મુમુક્ષુ જિજ્ઞાબહેન, મેહુલભાઈ, મિતુલકુમાર, નિહાલચંદજી, વિક્રમભાઈ અને જયકુમારના વર્ષીદાનના વરઘોડાનું સુંદર આયોજન કરવામાં આવેલ. આ.શ્રી કીર્તિયશસૂરિજી મ.સા.ની શુભ નિશ્રામાં સારુંયે આયોજન કરવામાં આવેલ. સવારે ૮:૩૦ કલાકે ડુંગરશી રોડથી ઝવેરી પરિવારને ત્યાંથી નીકળી સવારે ૯:૦૦ કલાકે મહાવીર સ્વામી જિનાલયે વરઘોડો આવી પહોંચેલ.

આ સુશોભિત વરઘોડામાં દરેક દીક્ષાર્થી ભાઈ–બહેનોએ રૂપાનાણું–વસ્ત્ર–અક્ષત આદિનું દાન કરેલ. વરઘોડો ઉતર્યા બાદ આ. શ્રી વિજયરામચંદ્રસૂરિ આરાધના ભવનના વિશાળ હોલમાં સાકેરચંદ મોતીચંદ પરિવારે તથા ચંદનબાળા સંઘે દરેક મુમુક્ષુઓનું સન્માન કરેલ.

આ.શ્રી કીર્તિયશસૂરિજી મ.સા.એ ખૂબ જ ભાવવાહી ઉદ્‌બોધન કરી સંસારની અસારતા, સર્વ પાપોના વિરામરૂપ તેમ જ સર્વ પ્રકારની સમતાના આસ્વાદ્‌રૂપ સંયમની સારતા અને મોક્ષની મહાનતાને સમજાવતું પ્રવચન આપેલ.

વરઘોડાના આયોજક પરિવાર પોતે સંયમની ભાવના ધરાવે છે. આ પૂર્વે સાકેરચંદ ભાઈએ પોતાના પુત્ર–પુત્રી વીરાંગ અને અમિષાને મુંબઈ ચોપાટી પર ખૂબ જ સુંદર રીતે દીક્ષા અપાવેલ જે આજે મુનિશ્રી વિરાગયશવિજયજી મ. અને સાધ્વીશ્રી દર્શનપ્રક્ષાશ્રીજી મહારાજના નામે સુંદર સંયમ આરાધના કરી રહેલ છે.


## કિંમત કેટલી?

ગ્રીષ્મ ઋતુમાં એટલે કે કેરીની સિઝનમાં સુંદર મજાની રાજાપુરી કેરી લાવો, પરંતુ એ કેરીને દબાવતાં એક તોલો પણ રસ ન નીકળે, તો તે રાજાપુરી કેરીની કિંમત કેટલી?

સુંદર મજાનું અલંકારોથી યુક્ત સુશોભિત શરીર હોય, પરંતુ એ શરીરમાં આત્મા ન હોય, તો એ શરીરની કિંમત કેટલી?

ધંધાની સિઝનમાં લાખોનો વેપાર કર્યો હોય, પરંતુ એક રૂપિયાનો પણ નફો ન હોય તો એ વેપારની કિંમત કેટલી?

એવી જ રીતે જિંદગીમાં કલાકો સુધી પ્રવચનો સાંભળ્યા હોય, પરંતુ જીવનમાં એનું જરા પણ આચરણ ન આવ્યું તો એ માનવજીવનની કિંમત કેટલી? માટે હંમેશા પ્રવચનોનું શ્રવણ કરી, થોડું પણ આચરણમાં ઉતારી જીવનને કિંમતી બનાવો.

# મેસર્સ સુપર કાસ્ટ

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

**Manutacturer's of C.I. Casting.**
**Phone : 445428–446598**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજાની પવિત્રતા

---આ.શ્રી પદ્મસાગરસૂરિજી મ.સા.

જીવનને સમતુલ રાખી આવેલ અશુભ વિચારીને દેશનિકાલ કરી, શુભ વિચારોને પ્રવેશ આપે છે.

ઘડિયાળનો એક સ્ક્રૂ અનેકને વ્યવસ્થિત ફેરવે છે, તેમ આત્માની સમતા, શુદ્ધ ભાવના, માનવતાની મહેંક અનેકના જીવનના ચક્રોને ગતિમાન કરે છે. સારા ને નિરોગી પ્રત્યે દરેકની મહેર નજર હોય છે, રોગીને લોકો અવગણે છે. તિરસ્કારે છે, પણ ડોક્ટરો તેવા રોગી પ્રત્યે કરૂણા પીયુષ છાટે છે; આ પ્રમાણે સમ્યક્ત્વધારી આત્મા ભૌતિક રોગ--દર્દથી પીડાતા પ્રત્યે કરૂણાનાં વહેણ વહાવે છે, તેની પ્રત્યેક ક્ષણ સુખમય ને શીતળ બનાવે છે. આવા આત્મશુદ્ધિ આત્મા બ્રહ્મચર્યના બેનમૂન બળ મેળવી, માનસ દુ:ખથી પરિવૃત થયેલ આત્મા પ્રતિ પ્રસન્નતાપૂર્વક પ્રેમનું પાથેય પીરસે છે. બ્રહ્મચર્યની સમજણને સાધના આત્મમૈત્રી સાધે છે.

પ્રભુ પૂજન અષ્ટ પ્રકારે કરવાનું છે, તેથી આત્મા નિર્મળ, પવિત્ર, પ્રસન્ન થાય છે.

ન્હવણની પૂજા આત્માને નિર્મળ બનાવે છે. તેથી વખતની અસર મન પર જાદુઈ થાય છે. સીતાનો પાઠ ભજવતી નટીને જોતાં આપણને તે રામાયણની સતી સીતા સ્મરણમાં આવી જાય છે.

''હું દેહરૂપ નથી, આત્મસ્વરૂપ છું, મારા પર કર્મનું આવરણ આવી ગયેલ છે, તેને દૂર કરવા પ્રભુનો અભિષેક આવશ્યક છે.''

ચંદન પૂજા--ચંદનથી શીતળતા અને સૌરભ મળે છે, તે પોતે ચંદન બળીને સૌરભ આપે છે. પોતે ઘસાઈને અન્યને શીતળતા આપે છે. આમ ચંદનની પૂજા કરતાં આ ભાવ આત્મસાત્ કરવાનો છે.

આત્માનો સ્વભાવ આનંદમય છે અને ક્રોધી સ્વભાવને ક્ષણે ક્ષણે શાંત કરવાનો છે. પોતાની પત્નીનો ક્રોધમાં શેરડીના સાંઠાનો માર ખાતાં તુકારામ નાચી ઊઠ્યાં, કારણ કે પોતાના અશુભ કર્મોને ભસ્મીભૂત કરનાર પોતાની અર્ધાંગની હતી!

બંધ ઓરડીમાંથી દુર્ગંધ ને અંધકારનું વિસર્જન થાય, ત્યારે સુગંધને પ્રકાશ ત્યાં વલસી રહે છે, તેમ ધૂપથી મનમાં અંતર્ગત રહેલ દુર્ગંધીને દૂર કરી સુગંધમય આત્મા બનાવવાનો છે.

પ્રભુનો શ્વાસોચ્છ્વાસ કમળ સમાન હોય છે. તેમ કલ્પવાનો છે, લોકોત્તર સમજવાનો છે. તે બને છે પુષ્પથી. ફક્ત પાંચ કોડીનાં પુષ્પો ભાવપૂર્વક, કુમારપાળે ચઢાવ્યા ને તેથી બીજા ભવમાં અઢાર દેશનું રાજ્ય પ્રાપ્ત થયું. એ મહાન્ છે. આ બતાવે છે કે ''મ્હારા જીવનને પુષ્પ જેવું સુકોમળ ને સુવાસિત બનાવી તારા ચરણે ચઢાવું છું. જીવનને કઠોર બનાવાનું નથી. જીવનને સૌંદર્યમય, સુકોમળ અને પરમ સુવાસિત બનાવવાનું છે.

દીપકપૂજાથી એ ભાવવાનું કે મારી અનાદિની અજ્ઞાનતા તારા જ્ઞાનરૂપી દીપકથી દૂર કરીને જીવનને દેદીપ્યમાન બનાવવું છે. ધૂપથી એ ભાવના ભાવવાની છે કે ધૂપ ઊર્ધ્વગામી બને છે તેમ આત્મા ઊર્ધ્વગામી બની સિદ્ધશિલા પર સિદ્ધમય બની જાય.

અક્ષતપૂજા વખતે ભાવનાનું કે ''દેહ વિનાશી હું અવિનાશી'' અક્ષતપૂજા કરતાં અખંડ અક્ષતની માફક આત્માને એક, અનન્ય, અખંડિત પરમાત્મા બનવાનો છે. નૈવેદ્ય પૂજા વખતે ભાવવાનું કે આવા અનેકવિધ આહાર કરી આત્માને ચાર ગતિમાં રખડાવ્યો હવે મારે જોઈએ છીએ ''તારા જેવું અનાહારી પદ એટલે સિદ્ધ પદ''

*(પ્રેરણા પુસ્તકમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# પરિપત્ર

## સામાન્ય સભાની મીટીંગ

સુજ્ઞ સભાસદ બંધુઓ–બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સંવત ૨૦૫૮ ના ફાગણ સુદ૩ ને રવિવાર તા. ૧૭-૩-૨૦૦૨ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠ શ્રી ભોગીલાલ લેકચર હોલમાં મળશે, તો આપને હાજર રહેવા વિનંતી છે.

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૦ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજુર કરવા.

(૨) તા. ૩૧-૩-૨૦૦૧ સુધીના આવક-ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજુર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરવા માટે ભલામણ કરેલ છે. સભ્યોને જોવા માટે તે સભાના ટેબલ ઉપર મુકેલ છે.

(૩) તા. ૧-૪-૨૦૦૧ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધીના હિસાબ ઓડિટ કરવા માટે ઓડીટરની નિમણૂંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા.

(૪) આવતા ત્રણ વર્ષ માટે હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરવા.

(૫) પ્રમુખશ્રીની મંજુરીથી મંત્રીશ્રીઓ રજૂ કરે તે.

તા. ૧૬-૨-૨૦૦૨
ભાવનગર

લિ. સેવકો
ચીમનલાલ વર્ધમાન શાહ
ભાસ્કરરાય વ્રજલાલ વકીલ
માનદ્ મંત્રીઓ

---

તા. ક. (૧) આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

(૨) ૨૦૦૦-૨૦૦૧ના ઓડીટેડ હિસાબો સભાના ઓફીસ સમય દરમ્યાન તા. ૧-૩-૨૦૦૨ થી ૧૫-૩-૨૦૦૨ સુધીમાં મેમ્બરો જોઈ શકશે.

For Private And Personal Use Only

ફેબ્રુઆરી : ૨૦૦૨ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

ईशभक्तिबलं प्राप्य त्यक्तमोहरसः सुधीः ।
निःस्पृहः शांत-सौम्यश्च सदानन्दाय कल्पते ॥

卐

ભગવદ્ભક્તિનું બળ પ્રાપ્ત કરી જેણે મોહરસને દૂર કર્યો છે અને શાન્તતા, સૌમ્યતા અને નિઃસ્પૃહતાના સદ્ગુણોને પ્રાપ્ત કર્યા છે એવો મહાભાગ મનુષ્ય શાશ્વત આનન્દનો અધિકારી બને છે. ૬૦

卐

He who has removed the sentiment of infatuation by virtue of devotion to God and desireless, is fit for the imperishable supreme bliss. 60

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬,*
*ગાથા-૬૦, પૃષ્ઠ-૧૫૫)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'